પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૮ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૨, રવિવાર; ભાદરવા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભારતમાં ૭૦ વર્ષ બાદ ચિત્તાનું આગમન

**ામિબિયાથી સ્પેશિયલ કાર્ગો વિમાનમાં આ ચિત્તાને ભારત લાવવામાં આવ્યા : મધ્યપ્રદેશના કૂનો નેશનલ પાર્ક ખાતે ચિત્તાનું સ્વાગત કરવામાં આવ્યું : આ ચિત્તાને તાત્કાલિક જંગલમાં છોડવામાં નહીં આવે, શરુઆતના મહિના સુધી ક્વોરન્ટીનમાં રાખવામાં આવશે : ચિત્તા સાથે પ્રકૃત્તિપ્રેમી ચેતના ઊર્જા સાથે જાગૃત થઈ : મોદી**





ભોપાલ, તા.૧૭

પાછલા ઘણાં સમયથી ચર્ચા હતી કે ભારતમાં ૭૦ વર્ષ પછી આખરે ચિત્તા પાછા આવ્યા છે. વિલુપ્ત થઈ ગયેલા આ પ્રાણી ફરી એકવાર ભારતમાં પહોંચી ગયા છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૨મો જન્મદિવસ છે અને આજના જ દિવસે મધ્યપ્રદેશના કૂનો નેશનલ પાર્ક ખાતે ચિત્તાનું સ્વાગત કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ નેશનલ પાર્ક મધ્યપ્રદેશના શ્યોપુર જિલ્લામાં આવેલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે દરવાજા ખોલ્યા છે અને ચિત્તાને બહાર છોડવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે, નામિબિયાથી સ્પેશિયલ કાર્ગો વિમાનમાં આ ચિત્તાને ભારત લાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ સાથે નેશનલ પાર્ક પહોંચ્યા હતા. નરેન્દ્ર મોદીએ વાઈલ્ડ લાઈફ હેટ તેમજ જેકેટ પણ પહેર્યુ હતું. નોંધનીય છે કે આ ચિત્તાને તાત્કાલિક જંગલમાં છોડવામાં નહીં આવે. શરુઆતના એક મહિના સુધી તેમને ક્વોરન્ટીનમાં રાખવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## વડાપ્રધાને ૭૨મા જન્મદિવસે અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો

**૮ વર્ષમાં ભાજપ સરકારે નવી પાંચ હજાર આટીઆઈ બનાવી : દેશ ફરી એકવાર કૌશલ્યોને સન્માન આપી રહ્યો છે, કૌશલ્ય વિકાસ પર સમાન ભાર આપી રહ્યો હોવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલો દાવો**

નવી દિલ્હી, તા.૧૭

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ૭૨મો જન્મદિવસ છે. પીએમ મોદીના જન્મદિવસ નિમિત્તે ભાજપ સમાજ સેવાના અનેક કાર્યક્રમોનું આયોજન કરી રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્કમાં નામીબિયાથી લાવવામાં આવેલા ચિત્તાઓને છોડ્યા. તે જ સમયે, આ પછી પીએમ મોદીએ શ્યોપુરમાં સ્વસહાય જૂથ સંમેલનને સંબોધન કર્યુ. પીએમ મોદીએ કહ્યું કે વિશ્વકર્મા જયંતિ પર સ્વસહાય જૂથોની આટલી મોટી કોન્ફરન્સ પોતાનામાં ખૂબ જ ખાસ છે. હું વિશ્વકર્મા પૂજા પર તમામ દેશવાસીઓને મારી શુભકામનાઓ પણ આપું છું.



પીએમ મોદીએ કહ્યું કે જ્યારે યુવાનો કૌશલ્ય સાથે સશક્ત બનીને બહાર આવે છે, ત્યારે તેમના મનમાં પણ એક વિચાર આવે છે કે તેમનું કામ કેવી રીતે શરૂ કરવું. સ્વ-રોજગારની આ ભાવનાને સમર્થન આપવા માટે, આજે તમારી પાસે મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયા જેવી યોજનાઓની શક્તિ પણ છે, જે ગેરંટી વિના લોન આપે છે. સ્કીલ ડેવલપમેન્ટની સાથે સાથે યુવાનોમાં સોફ્ટ સ્કીલ હોવું પણ એટલું જ જરૂરી છે. હવે આઈટીઆઈમાં આના પર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આપણા દેશમાં પહેલી આઈટીઆઈ

● અનુસંધાન પાન-૭ પર

## મોદીને દેશ-વિદેશના નેતાઓએ શુભેચ્છા પાઠવી

**અગાઉથી શુભેચ્છા પાઠવવાની પરંપરા ન હોઈ રશિયાના રાષ્ટ્રપતિ પુતીને મોદીને મળવા છતાં શુભકામના ન પાઠવી**

નવી દિલ્હી, તા.૧૭

દેશના પીએમ નરેન્દ્ર નોદીનો ૭૨મો જન્મ દિવસ છે. પીએમ મોદીના જન્મ દિવસના અવસર પર ભાજપ સમાજ સેવાના અનેક કાર્યક્રમો આયોજિત કરી રહી છે. આજે પીએમ ૪ અલગ-અલગ કાર્યક્રમોમાં સામલ થશે અને સંબોધન પણ કરશે. તેની શરૂઆત ૭૦ વર્ષ પછી દેશમાં ચિત્તાના આગમન સાથે થયું. તેઓ કુનો અભયારણ્યમાં ચિત્તાઓના પ્રવેશ પ્રસંગે રાષ્ટ્રને સંબોધન પણ કર્યુ. આ પછી પીએમ મોદી મધ્યપ્રદેશમાં મહિલા સ્વસહાય જૂથોના સંમેલનને સંબોધન કર્યુ. આ સિવાય પીએમ મોદી આજે ૪૦ લાખ આઈટીઆઈ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યુ. પીએમ મોદીનો છેલ્લો કાર્યક્રમ અને સંબોધન દેશમાં વધી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંબંધિત હતો. તેઓએ નેશનલ લોજિસ્ટિક્સ પોલિસી પણ લોન્ચ કરી.

રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુએ પીએમ મોદીને ૭૨માં જન્મ દિવસની શુભેચ્છા પાઠવી.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પીએમ મોદીને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી.

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ પીએમ મોદીને ૭૨માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી. તેમણે કહ્યું કે, દેશહિતમાં તમારા વિચાર અને કર્મયોગીના રૂપમાં તમારું અટલ વ્યક્તિત્વ કરોડો ભારતીયો માટે પ્રેરણાસ્રોત છે.

નેપાળના પીએમ શેર બહાદુર દેઉબાએ પીએમ મોદીને

● અનુસંધાન પાન-૭ પર

## IRCTC કૌભાંડ : સીબીઆઈ કોર્ટ દ્વારા તેજસ્વીને નોટિસ

**બિહારના નાયબ મુખ્યમંત્રી મુશ્કેલીમાં મુકાઈ શકે છે : સીબીઆઈએ કૌભાંડમાં તેજસ્વી યાદવના જામીન રદ કરવા માટે દિલ્હીની વિશેષ અદાલતનો સંપર્ક કર્યો છે**

પટના, તા.૧૭

બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ મુશ્કેલીમાં મુકાઈ શકે છે. દિલ્હીની વિશેષ અદાલતે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની અરજી પર તેજસ્વીને નોટિસ પાઠવી છે. જો સીબીઆઈની અરજી મંજૂર થાય છે તો આઈઆરસીટીસી કૌભાંડ કેસમાં તેજસ્વી યાદવને જેલમાં જવું પડી શકે છે. ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે દિલ્હીની સીબીઆઈ કોર્ટના વિશેષ ન્યાયાધીશ ગીતાંજલિ ગોયલે તેજસ્વી યાદવને નોટિસ ફટકારી છે.



એજન્સીના અનુસાર, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ આઈઆરસીટીસી કૌભાંડમાં તેમના જામીન રદ કરવા માટે દિલ્હીની વિશેષ અદાલતનો સંપર્ક કર્યો છે. આ કેસમાં તેજસ્વી યાદવ ૨૦૧૮થી જામીન પર બહાર છે. જો કોર્ટ આ કેસમાં તેજસ્વી યાદવના જામીન ફગાવી દે છે તો બિહારમાં તેમની નાયબ મુખ્યમંત્રીની ખુરશી મુશ્કેલીમાં આવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે લાલુ યાદવના રેલ્વે મંત્રી રહીને તેમના પરિવારના ઘણા સભ્યો આ કૌભાંડમાં ફસાયા છે. આમાં લાલુના નાના પુત્ર તેજસ્વી યાદવનો પણ સમાવેશ થાય છે. સીબીઆઈએ આ મામલામાં તેજસ્વી યાદવ અને અન્ય આરોપીઓ વિરુદ્ધ આઈપીસીની કલમ ૪૨૦, ૧૨૦બી અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની અન્ય કલમો હેઠળ પહેલાથી જ ચાર્જશીટ દાખલ કરી છે.

ન્યાયિક સૂત્રોના જણાવ્યા અનુસાર, જો સીબીઆઈ કોર્ટની સામે તેના આરોપો સાબિત કરવામાં સફળ થાય છે, તો તેજસ્વી યાદવને આ કેસમાં સાત વર્ષની સજા થઈ શકે છે. તમને જણાવી દઈએ કે આ કેસમાં તેજસ્વી યાદવની સાથે તેની માતા રાબડી દેવી પણ આરોપી છે. આ મામલામાં વર્ષ ૨૦૧૮માં દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે માતા-પુત્રને જામીન આપ્યા હતા. આરજેડીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને તત્કાલીન રેલ મંત્રી લાલુ પ્રસાદ યાદવ આ કેસમાં મુખ્ય આરોપી છે.

આ મામલો ત્યારથી છે જ્યારે લાલુ પ્રસાદ યાદવ મનમોહન સિંહના નેતૃત્વવાળી યુપીએ સરકારમાં રેલવે મંત્રી હતા. દરમિયાન, પુરી અને રાંચીની રેલવે હોટલોને આઈઆરસીટીસી દ્વારા જાળવણી અને સુધારણા માટે ખાનગી એજન્સીને આપવામાં આવી હતી.

## નેપાળમાં ભૂસ્ખલનમાં ૧૩નાં મોત

**૧૦ લાપતા થયા : નેપાળમાં અવિરત વરસાદના કારણે સ્થિતિ વણસી : નેપાળના પૂર્વી કૈલાલીમાં સતત થઈ રહેલા વરસાદના કારણે લગભગ ૬૦૦ ઘરો પાણીમાં ડૂબી ગયા**





કાઠમાંડૂ, તા.૧૭

નેપાળના અચ્છમ જિલ્લાના વિભિન્ન વિસ્તારોમાં શનિવારે થયેલા ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૧૩ લોકોના મોત થઈ ગયા છે અને ૧૦ લોકો લાપતા થઈ ગયા છે. નાયબ મુખ્ય જિલ્લા અધિકારી દિપેશ રિઝાલે જણાવ્યું હતું કે ભૂસ્ખલનને કારણે પશ્ચિમ નેપાળના અચ્છમ જિલ્લાના વિવિધ ભાગોમાંથી ઓછામાં ઓછા ૧૩ મૃત, ૧૦ ગુમ અને ૧૦ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. રિઝાલે જણાવ્યું કે, આ અકસ્માત શનિવારે થયો હતો. અવિરત વરસાદના કારણે અહીં વીજ-રોડ ખોરવાતા સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.

આ દુર્ઘટનાના પગલે ગૃહમંત્રી બાલ કૃષ્ણ ખંડે શોધ અને બચાવ કામગીરી માટે હેલિકોપ્ટર તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. નેપાળમાં અવિરત વરસાદ પડી રહ્યો છે જેના કારણે પૂર અને ભૂસ્ખલન થયું છે. નેપાળના દારચુલા જિલ્લાના બંગબગડ વિસ્તારમાં ગત શનિવારે આવેલા પૂર અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૨ લોકોના મોત થઈ ગયા હતા અને ૧૧ લોકો લાપતા થઈ ગયા હતા. સતત વરસાદના કારણે લસ્કૂ અને મહાકાલી નદીઓમાં પૂર આવી ગયું હતું જેના કારણે અનેક ઘરો અને બે પૂલ પૂરમાં તણાઈ ગયા હતા. નેપાળ વાર્ષિક ચોમાસાની મોસમ દરમિયાન પૂર અને ભૂસ્ખલનની આફતોને કારણે ઘણી જાનહાનિ નોંધાવી રહ્યું છે.

અચ્છમમાં વિવિધ સ્થળોએ ભૂસ્ખલન થયા બાદ શનિવારે સવારથી સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસની ટીમ બચાવ કાર્યમાં લાગેલી છે. જિલ્લા પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## IPLમાં ૧૧થી વધુ ખેલાડીને પણ ટીમમાં રમવા તક મળશે

**IPL ૨૦૨૩માં ઈમ્પેક્ટ પ્લેયર નિયમ લાગુ પડી શકે**

નવી દિલ્હી, તા.૧૭

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ ટી૨૦ ક્રિકેટમાં નવા નિયમને મંજૂરી આપી છે. આ નિયમ હેઠળ હવે માત્ર ૧૧ જ નહીં પરંતુ વધુ ખેલાડીઓને પણ ટીમમાં રમવાની તક મળી શકે છે. જોકે, આ નિયમ ફૂટબોલ અને હોકી જેવો જ છે જેમાં અવેજી ખેલાડીઓને તક મળે છે.

આ નિયમ હેઠળ કંઈક આવું જ થશે પરંતુ ફરક એટલો જ હશે કે, આ નિયમ દરેક ઈનિંગમાં માત્ર ૧૪ ઓવર માટે જ લાગુ થશે. તે પછી ખેલાડીને બદલી શકાશે નહીં. આ નિયમ ટેસ્ટિંગ માટે આગામી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં લાગુ કરી શકાય છે. આ નિયમ થોડા સમય પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રજૂ કરવામાં આવેલા સુપર-સબ નિયમ જેવો છે.

આ નિયમને 'ઈમ્પેક્ટ પ્લેયર' નામ આપવામાં આવ્યું છે. આ નિયમનો ઉપયોગ બિગ બેશ લીગમાં એક્સ ફેક્ટર નામથી પણ થાય છે જેમાં વધુમાં વધુ ૧૩ ખેલાડીઓ રમી શકે છે.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, જો ડોમેસ્ટિક ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આ નિયમનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવે છે અને તે સફળ થાય છે, તો તેને આવતા વર્ષે આઈપીએલ ૨૦૨૩માં પણ લાગુ કરવામાં આવી શકે છે.

## એફડીએએ જોનસન બેબી પાવડરનું લાયસન્સ રદ કર્યું

**બે સેમ્પલમાંથી એક પુણે અને બીજુ નાસિક લઈ જવાયા**

મુંબઈ, તા.૧૭

મહારાષ્ટ્રના એફડીએ (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન) એ રાજ્યમાં જોનસન એન્ડ જોનસન બેબી પાવડરનું લાઈસન્સ રદ કરી દીધું છે અને રાજ્યમાં ઉત્પાદન અને ઉત્પાદનનું વેચાણ બંધ કરી દીધું છે. કારણ કે, એવું જાણવા મળ્યું છે કે, બાળકો માટે પાવડરનું પીએચ મૂલ્ય અનિવાર્ય મર્યાદાથી ઉપર છે. મહારાષ્ટ્ર એફડીએના સૂત્રોએ જણાવ્યું હતું કે, અમે કંપનીને કારણ બતાવો નોટિસ ફટકારી છે અને તેનું લાઈસન્સ કેમ રદ ન કરવું જોઈએ તે જણાવવા માટે કહ્યું છે. એફડીએએ જોન્સન એન્ડ જોન્સન બેબી પાવડરના બે સેમ્પલ એકત્રિત કર્યા હતા. તેમાંથી એક પુણે અને બીજુ નાસિક લઈ જવામાં આવ્યું હતું. પરીક્ષણ પરિણામોમાં જાણવા મળ્યું કે, તે શિશુ ત્વચા પાવડર માટેના પીએચ ધોરણનના માપદંડ પ્રમાણે નહોતું.

એફડીએ એ કંપનીએ બજારમાંથી ખામીયુક્ત પાવડરનો જથ્થો બજારમાંથી પાછો ખેંચવા કહ્યું છે. ગયા મહિને જોનસન એન્ડ જોનસને જણાવ્યું હતું કે, તે ૨૦૨૩માં વૈશ્વિક સ્તરે ટેલ્ક આધારિત બેબી પાવડરનું વેચાણ બંધ કરશે અને કોર્નસ્ટાર્ચ આધારિત બેબી પાવડરના પોર્ટફોલિયોમાં શિફ્ટ થશે.

કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી.
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે
Zydus Hospitals Cancer Centre
22 સપ્ટેમ્બર, ગુરૂવારના રોજ
ડૉ. નહુષ ટહિલિયાણી
MD, DM
(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત
મહિનાના બીજા અને ચોથા ગુરૂવારે
ઉપલબ્ધ સારવાર
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
15g પ્રોટીન
₹28*/500 mL
અમૂલ શક્તિ




*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.
Amul The Taste of India